ગાંધીનગર સમાચાર

સ્કૂલ યુનિફોર્મ મુજબના જ ગરમ વસ્ત્રો માટેનો શાળા સંચાલકોનો દુરાગ્રહ

# સેકટર-૧ના મકાનમાંથી ચોરી



ગાંધીનગર, તા.૬

શિયાળાની શરૂઆત થતા જ ગાંધીનગર શહેરમાં તસ્કરો બેફામ બન્યા છે અને એક પછી એક ચોરીઓ અને ગુનાઓને અંજામ આપી પોલીસને પડકાર ફેંકી રહ્યા છે તેમ છતાં પોલીસ સબ સલામતના દાવાઓ ઠોકી રહી છે. ત્યારે ગત રોજ શહેરના વીવીઆઈપી ગણાતા સેકટર-૧ના એક મકાનને તસ્કરોએ નિશાન બનાવી રોકડ અને અન્ય મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના વીવીઆઈપી ગણાતા સેકટર-૧માં પ્લોટ નં. ૧૯૩/૧ ખાતે રહેતા અરવિંદભાઈ કેવળદાસ પટેલના મકાનને અંધારાનો લાભ લઈ તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ મકાનની બારીની લોખંડની ગ્રીલ તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને અંદર રહેલા રૂ.૧૫૦૦ની રોકડ અને કિં. રૂ. ૧૨૦૦ની ઘડીયાળ સહિત અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. ૨૭૦૦ની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ ચોરી અંગે મકાન માલિક અરવિંદભાઈ પટેલને જાણ થતા તેઓએ તુરંત સેકટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## @ગાંધીનગર

● સે-૧૭, ટાઉનહોલ ખાતે સવારે ૧૧.૦૦ કલાકે શાળા આરોગ્ય તપાસણીનો કાર્યક્રમ યોજાશે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે ટાઉનહોલ, સેકટર-૧૭ ખાતે સિદ્ધાર્થ રાંદેરિયા દિગ્દર્શિત-અભિનિત નાટક 'ગુજ્જુભાઈ બન્યા દબંગ' પ્રસ્તુત કરાશે.

- નજાહખાનમ સૈયદ

# ઉવારસદ ગામની સીમમાંથી રૂ. ૩૪ હજારનો દેશી-વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

## બે બુટલેગરની ધરપકડ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક ઉવારસદ ગામના રણજીપુરા ખાતે અડાલજ પોલીસે બાતમીના આધારે મકાનમાંથી રૂ. ૩૪૦૦૦નો દેશી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો અને બે આરોપીઓની અટકાયત કરી બંને વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર ઉવારસદ ગામે રણજીપુરા ખાતે લાલાજી દાનાજી ઠાકોર અને સોનલ પ્રતાપજી ઠાકોરની માલિકની જગ્યામાં ખુલ્લેઆમ દેશી વિદેશી દારૂનો વેપલો ચાલી રહ્યો હોવાની બાતમી અડાલજ પોલીસને મળી હતી. જે બાતમીના આધારે અડાલજ પોલીસની ટીમે સાંજે બાતમી સ્થળે દરોડો પાડયો હતો. આ દરોડામાં કુલ ૧૦૬ લીટર દેશી દારૂ, ૬૦ નંગ વિદેશી દારૂની બોટલ અને ૨૩ નંગ બિયરના ટીન મળી કુલ રૂ. ૩૪૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને બે આરોપીઓ લાલાજી દાનાજી ઠાકોર અને સોનલ પ્રતાપજી ઠાકોરની ધરપકડ કરી બંને વિરૂધ્ધ અડાલજ પોલીસે પ્રોહીબીશનના ગુના હેઠળ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સ્ટેટ પેન્શનર્સ વેલ્ફેર સોસાયટીનું સ્નેહમિલન



ધી ગુજરાત સ્ટેટ પેન્શનર્સ વેલ્ફેર કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિ. દ્વારા શનિવારે સેકટર-૭ સ્થિત લેઉવા પટેલ વાડી ખાતે સભાસદોનો સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં સભાસદોને શેર સર્ટીફીકેટ વિતરણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં સભાસદોએ ભાગ લીધો હતો. જેમાં અધ્યક્ષસ્થાને મહેન્દ્રભાઈ ભાવસાર, મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, જે.જે. ત્રિવેદી, અનિલ પટેલ, જે.સી. પટેલ, એસ.જે. પ્રભાકર તેમજ અન્ય ડાયરેકટરો ઉપસ્થિત રહ્યા હતા.

## વાતવાતમાં

● છેલ્લા કેટલાક દિવસથી ઈસ્કોન સંસ્થાના કેટલાક અનુયાયીઓ નગરની શેરીઓમાં શ્રીમદ ભાગવત ગીતા આધારિત પ્રભુપાદ લિખિત પુસ્તકોનું વેચાણ કરી રહ્યા છે. તેઓ જયાં વેચાણ કરવા જાય ત્યાં ઢોલક મંજીરાના સુમધુર તાલે 'હરે રામ, હરે રામ, રામ રામ હરે હરે, હરે કૃષ્ણ, હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે' ગાઈ નગરજનોનું ધ્યાન આકર્ષિત કરી રહ્યા છે.

● ઈન્ફોસીટી વિસ્તારમાં આવેલ ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ ખાતે ત્રણ દિવસીય ફોરમ ફોર ઈન્ફર્મેશન રીટ્રાઈવલ એન્ડ ઈવોલ્યુએશન કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં દેશ વિદેશના ૧૦૦થી વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતાં.

● દિવાળી અને ચુંટણીઓ પછીના પ્રથમ રવિવારે પણ નગરજનો બીઝી રહ્યા હતા. શહેરમાં લગ્નસરાની મૌસમ જામી હતી જેનો નગરજનોએ ભરપૂર આનંદ ઉઠાવ્યો હતો.

● જયોતિ મહિલા મંડળના સ્થાપક સભ્યોમાંના એક વરિષ્ઠ મહિલા આગેવાન કાન્તાબાનું ગઈ કાલે સાંજે સેકટર-૨૯ ખાતે દુઃખદ નિધન થયું છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક રદ કરાઈ

ગાંધીનગર, તા.૬

શહેર જાગૃત નાગરિક પરિષદની માસિક બેઠક અનિવાર્ય સંજોગોના લીધે રદ કરવામાં આવી છે. આ અંગે પરિષદના પદાધિકારીઓ તેમજ પ્રવચનમાં ભાગ લેનાર પ્રબુદ્ધ નાગરિકોએ ખાસ નોંધ લેવી.

જાગૃત નાગરિક પરિષદની માસિક બેઠક દર માસના પ્રથમ સોમવારે યોજાતી હોય છે. જેમાં પ્રબુદ્ધ નાગરિકોના વિષય નિષ્ણાતોનું પ્રવચન રાખવામાં આવતું હોય છે. પરંતુ આ સોમવારે અનિવાર્ય સંજોગોના કારણે આ બેઠક રદ કરાઈ છે તેમ પરિષદના ઉપપ્રમુખ રાજેન્દ્રભાઈ પારેખે જણાવ્યું છે.

# ડૉ. આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરાઈ

ગાંધીનગર, તા.૬

નાની દશકોશી અઢારગામ વણકર સમાજ દ્વારા ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૫૯મી નિર્વાણતિથિ નિમિત્તે વિધાનસભા સામે આવેલ ડૉ. બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં દશરથલાલ પરમાર, ગોવિંદભાઈ રાઠોડ, શિરિષકુમાર મકવાણા, મહેશકુમાર ગોહિલ, પરેશ સોલંકી, સોમાભાઈ પરમાર, ડી.એમ. પરમાર સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# સ્કૂલ યુનિફોર્મ મુજબના જ ગરમ વસ્ત્રો માટેનો શાળા સંચાલકોનો દુરાગ્રહ

ગાંધીનગર, તા.૬

દિવાળીના વેકેશન બાદ શાળાઓમાં દ્વિતિય સત્રનો પ્રારંભ થયો તે સાથે જ શિયાળાની ઋતુની પણ ધમાકેદાર શરૂઆત થઈ જવા પામી છે. વહેલી સવારે ઠંડીના માહોલમાં બાળકને શરદી ના થઈ જાય તે માટે ચિંતાતુર વાલીઓએ સ્વેટર્સ-ટોપી પહેરાવીને મોકલવાનું ચાલુ કરી દીધું છે જો કે શહેરની ઘણી શાળાઓમાં સ્કૂલ યુનિફોર્મના કલર મુજબ અથવા નિયત કરાયેલ ડીઝાઈનના ગરમવસ્ત્રો ના હોવાથી બાળકોને ઠપકો સાંભળવો પડી રહ્યો છે. આ કારણે વાલીઓને તાત્કાલિક ધોરણે સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા નિર્ધારિત કરાયેલ સ્વેટર્સ ટોપી ફરજિયાત ખરીદવા પડી રહ્યા છે.

કયા માતા પિતા પોતાના બાળકને ઠંડીમાં ઠુંઠવાતું રહે તેવું પસંદ કરે. બસ આ લાગણીનો લાભ લઈ શહેરના ખાનગી સ્કૂલ સંચાલકોએ શિયાળાના વસ્ત્રોને પણ કમાણીનું સાધન બનાવી દીધું હોય તેવું લાગે છે. શહેરની મોટા ભાગની ખાનગી સ્કૂલોમાં બાળકોને ફરજિયાત શાળા દ્વારા નિયત કરાયેલ યુનિફોર્મ મુજબના જ ગરમ વસ્ત્રો ખરીદવા ફરજ પડાઈ રહી છે. બાળક ભલે ઠંડીમાં ઠુંઠવાય પરંતુ આ નિયમમાં માનવતાના ધોરણે પણ કોઈ જ બાંધછોડ કરવામાં નથી આવતી. શાળા સંચાલકોની આ નીતિના કારણે જે તે સ્કૂલના ગરમ વસ્ત્રોનું વેચાણ કરતા વિતરકોને જલસા પડી જવા પામ્યા છે અને વાલીઓની મજબુરીનો લાભ ઉઠાવી પોતાનો મનઘડંત ભાવ વસુલી રહ્યા છે અને ડીસ્કાઉન્ટ કે વળતર પણ આપી નથી રહ્યાં.

**ઠંડીમાં ઠુંઠવાતા બાળક માટે માનવતાના ધોરણે પણ નિયમમાં બાંધછોડ ના કરાતા વાલીઓને તાત્કાલિક નવા ગરમ વસ્ત્રો ખરીદવા પડયા : ગરમ વસ્ત્રોના વિક્રેતાઓ સાથે સાંઠગાંઠ હોવાની શંકા સાથે વાલીઓમાં રોષની લાગણી**

શહેરના મધ્યમવર્ગીય માતા પિતાઓ માટે તો ઘરમાં ગરમ વસ્ત્રો હોવા છતાં બાળક માટે નવા ગરમ વસ્ત્રો તુરંત જ ખરીદવાનું ભારણ માથે આવી પડયું છે. હજુ તાજેતરમાં જ દિવાળી ઉજવી ચુકેલા વાલીઓને શાળાઓ ખુલતા જ આ વધારાના ખર્ચનો બોજ આવી પડતા તેમની હાલત કફોડી થઈ જવા પામી છે. માનવતાને કોરાણે મુકી ઠંડીમાં ઠુંઠવાતા બાળકોને અવગણતા શાળા સંચાલકોના દુરાગ્રહ સામે વાલીઓમાં રોષની લાગણી ફેલાવા પામી રહી છે. આ સાથે ગરમ વસ્ત્રોના વિક્રેતાઓ સાથે સ્કૂલ સત્તાવાળાઓની સાંઠગાંઠ હોવાની પણ વાલીઓમાં ચર્ચાએ જોર પકડયું છે.

# બાલવા ગામે બિસ્માર રસ્તાથી ગ્રામજનો ત્રાહિમામ

બાલવા, તા. ૬

બાલવા ગામમાં દેના બેંક, સ્ટેટ બેંક, માધ્યમિક શાળા, ટેલિફોન એક્સચેન્જ વગેરે સુવિધાઓ છે. જેથી આજુબાજુના ગામો આમજા, ચાંદીસણા, નાદરી, રામપુરા, પ્રતાપપુરા, ઈટલા ગામોનો સંપર્ક વધારે હોય છે. પરંતુ તંત્રની બેદરકારીને લીધે બાલવા ગામમાં પ્રવેશવા વાળો બાલવા ચોકડી સુધીનો રસ્તો બિસ્માર હાલતમાં છે. જેને તાત્કાલિક નવો બનાવવાની જરુર છે. રસ્તો બિસ્માર અને તૂટી ગયેલ હોવાથી અકસ્માત થવાની સંભાવના રહેલી છે. બાલવા ગ્રામજનોની રસ્તો રીપેર કે નવો બનાવવાની રજૂઆત સાથે માગણી કરેલ ચછે. ગામના અગ્રણી સુરેશભાઈ ત્રિવેણીએ જણાવેલ છે.




શહેરના ધમધમતા ઘ માર્ગ પર છેલ્લા ઘણા સમયથી અકસ્માતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે ગત રોજ સિવિલ હોસ્પિટલના નવા ગેટની સામે મારૂતિ વાન અને બાઈક સામ સામે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો જેમાં બંને વાહનોને આગળના ભાગે મોટું નુકસાન થવા પામ્યું હતું. અકસ્માતને પગલે થોડા સમય માટે ઘ માર્ગ પર ભારે ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા.

# શહેરની એનીમલ હેલ્પ સંસ્થામાં બિનઅધિકૃત વ્યકિત દ્વારા પશુ સારવારની ફરિયાદ

ગાંધીનગર તા.૬

ગાંધીનગર શહેરમાં પશુઓની સારવાર માટે કેટલીય સ્વૈચ્છીક સંસ્થાઓ કાર્યરત છે. શહેરમાં ગમે ત્યારે અકસ્માતમાં ઘાયલ હોય,રોડ વચ્ચે બિમારીમાં કણસતા પશુઓ માટે સંસ્થાઓ દ્વારા રાતદિવસ સેવા આપવામાં આવે છે. પરંતુ શહેરની એક એનીમલ સંસ્થા સામે જાગૃત યુવાને પશુઓની સારવાર બિનઅધિકૃત વ્યકિત દ્વારા કરાવવામાં આવે છે. તેવી જાણવાજોગ ફરિયાદ સેકટર-૨૧ પોલીસમાં કરવામાં આવી છે.

શહેરની એક નામાકિંત એનીમલ સંસ્થા પશુઓની સારવાર બિનઅધિકૃત વ્યકિત દ્વારા કરાવાય છે. વેટરનિટી કાઉન્સીલના નિયમ મુજબ પશુ સારવાર માટે વેટરનીટી ડોકટર હોવો જોઈએ જેની ડિગ્રી બી.વી.એસ.સી. અને એ.એચ. ગુજરાત સરકાર માન્યતા પ્રાપ્ત ડીગ્રી છે.આ ડીગ્રી મેળવી હોય તેવા વ્યકિત પશુઓની સારવાર કરી શકે છે.સ્કેડયુલ એચ ડ્રગ રજીસ્ટ્રર વેટરનીટી ડોકટર સિવાય પશુઓ માટે કોઈ વાપરી ના શકે પરંતુ શહેરની એક એનીમલ હેલ્પ લાઈનના નેજા હેળ બિનઅધિકૃત વ્યકિતઓને નોકરી રાખીને પશુઓની સારવારને બહાને ડીગ્રી વગરના લોકો પાસે પશુઓની દવા કરાવી પશુઓના સ્વાસ્થય સાથે ચેડા કરી રહ્યા છે તેવી ફરિયાદ સેકટર-૧૪માં રહેતા પ્રતિક ચમેલીકરે સેકટર-૨૧ પોલીસમાં નોંધાવી છે.

# પથિકાશ્રમ એસ.ટી. બસ ડેપોમાંથી સ્કૂટરની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં વારંવાર વાહન ચોરીના બનાવો બની રહ્યા છે ત્યારે તાજેતરમાં જ વધુ એક સ્કૂટર ચોરી થવાનો બનાવ બન્યો હતો જે મામલે સેકટર-૭ પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સેકટર-૫-સી પ્લોટ નં. ૮૯૦/૧ ખાતે રહેતા નવસીલ આલોકભાઈ આનંદ પોતાનું બજાજ સ્કૂટર નં. જીજે એફ ૭૯૦૨ લઈ પથિકાશ્રમ એસ.ટી. ડેપો ગયા હતા જયાં પોતાનું સ્કૂટર પાર્ક કરી પોતાના કામ અર્થે ગયા હતા. થોડી વાર પછી કામ પતાવી સ્કૂટર પાસે આવતા સ્થળ પર સ્કૂટર જ ન હતું. આથી આસપાસ માં શોધખોળ હાથ ધરી હતી. જોકે સ્કૂટર ન મળતા આખરે સ્કૂટર ચોરી અંગે સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# હન્ડ્રેડ પર્સન્ટ એટેન્ડન્સ : બાળક પરનો ઈમોશનલ અત્યાચાર




ગાંધીનગર, તા.૬

કેટલાક વર્ષો પહેલા ટીવીમાં એક જાહેરખબર આવી હતી. જેમાં એક સ્કૂલના વાર્ષિક સંમેલનમાં વિદ્યાર્થીઓને વિવિધ એવોર્ડથી નવાજવામાં આવી રહ્યા હતા. આ એવોર્ડમાં એક કૂમળા બાળકને સ્કૂલમાં સો ટકા હાજરી આપવા બદલ 'હન્ડ્રેડ પર્સન્ટ એટેન્ડન્સ' એવોર્ડ આપવામાં આવે છે. આ જોઈ પ્રેક્ષકોમાં બેઠેલી બે માતાઓ અવાચક થઈ જાય છે અને અંદરોઅંદર ચર્ચા કરે છે કે હન્ડ્રેડ પર્સન્ટ એટેન્ડન્સ કેવી રીતે શકય છે? તેમની ચર્ચાનો સીધો મતલબ બાળકની તંદુરસ્તી સાથે હતો. આ સમયે તેમની નજીક બેઠેલી પેલા એવોર્ડ વિનર બાળકની માતા 'સુપરમેન'ની અદાથી મુસ્કુરાય છે અને પેલી બે માતાઓને પોતાની દિકરાની 'સો ટકા હાજરી'નું રહસ્ય જણાવે છે. આ રહસ્યમાં જે તે કંપનીનું ચ્યવનપ્રાશ હતું જે બાળકની રોગ પ્રતિકારક શકિતઓને એટલી ખીલવે છે કે બાળક બિમાર પડતું જ નથી. આ જાહેરાત આવી ત્યાં સુધી તો દેશભરમાં કોઈ જ સ્કૂલમાં આ પ્રકારના એવોર્ડ અપાતા હોય તેવું ધ્યાનમાં આવ્યું નહોતું. આ જાહેરાત પછી તો દેશની માતાઓમાં ખાસ કરીને શહેરી વિસ્તારની મોર્ડન મમ્મીઓમાં 'સુપરમોમ' બનવાની ઘેલછા એટલી હદે વધવા લાગી કે તેણે હરિફાઈનું સ્વરૂપ ધારણ કરી લીધું તેની ખબર જ ના પડી.

પછી તો ફલાણા સાબુથી કે હેન્ડવોશ લિકવીડથી હાથ ધુઓ અને બાળકને કિટાણુઓથી બચાવો, ઢીંકણો શકિતવર્ધક પાવડર કે પ્રોટીનયુકત પીણું પીવડાવો અને બાળકનો વિકાસ બમણો કરે તેવી જાહેરખબરોનો આખ્ખેઆખ્ખો યુગ ચાલ્યો જેમાં સચીન તેંડુલકરથી માંડીને અમિતાભ બચ્ચન સુધીના ખેરખાંઓ ચમકી ગયા. વાત અહીં જાહેરાતની નથી



કારણકે કંપની તો પોતાની પ્રોડકટ વેચવા માટે ગ્રાહકની માનસિકતાઓનો પૂરતો અભ્યાસ કરીને જ તે મુજબ એડવર્ટાઈઝમેન્ટ બનાવે જેથી વધુ સફળતા અંકે કરી શકાય પરંતુ આ દેખાદેખીમાં ઘણી બધી શાળાઓએ પણ રીતસર 'હન્ડ્રેડ પર્સન્ટ એટેન્ડન્સ' એવોર્ડ આપવાના ચાલુ કરી દીધા.

જો કે ખાનગી શાળાઓ માટે તો આ એવોર્ડ પણ પોતાને અલ્ટ્રામોર્ડન મા-બાપ સ્થાપિત કરવા માંગતા વાલીઓને લોભાવવા માટે એક વધારાનું શસ્ત્ર સમાન છે પરંતુ આ એવોર્ડ અથવા સંપૂર્ણ હાજરી માટેના વધારાના ગુણો મેળવવા માટે 'સુપરમોમ'ની હોડ જામી જેમાં ઘણા બાળકોના કૂમળાં માનસો પર દરરોજ 'ઈમોશનલ અત્યાચાર'છાને છપને થવા લાગ્યો. હવે બાળકોને ધૂળમાં રમવાથી 'ઈન્ફેકશન' લાગી જવાના ખતરા પેદા થયા, એકાદ-બે મચ્છર કરડી જવાથી ડેન્ગ્યુ-મેલેરીયા થઈ જવા લાગ્યા. અરે દસમા કે બારમા ધોરણમાં ભણતા બાળકો તો પોતાના સગા ફોઈ કે માસીના લગ્ન પણ માણવાથી વંચિત રહી જવા લાગ્યા છે. રમવું એ બાળકનો જન્મસિદ્ધ અધિકાર છે અને રમતા રમતા શિખવું એ સંસ્કાર છે તેવા વણલખ્યા કુદરતી બંધારણો ફગાવી બાળકો કેલેન્ડરના પાના તથા ઘડીયાળના કાંટે જીવતા મશીન જેવા બની જાય તેટલી હદે હેલીકોપ્ટરની જેમ સતત માથે મંડરાતા રહેતા માતા-પિતા એ સિફતપૂર્વક ભૂલી જવા લાગ્યાં કે પોતે બચપનના કેવા કેવા લુત્ફ ઉઠાવી ચુકયાં છે. તાજેતરમાં પોતાની બૈરીના નામે 'બફાટ' કરી ચુકેલા આમીરખાનની પ્રસિધ્ધિ ફિલ્મ 'તારે જમીન પર'મા આવા જ એક વાલીની વાત હતી.

શાળામાં એક બે દિવસ રજા પડી ના જાય તે માટે ઘાંઘાં થતા મા-બાપના ઈમોશનલ અત્યાચારોએ બાળકોને ચાર દિવાલોમાં સતત ટીવી સામે બેસાડી એટલા એગ્રેસીવ માનસ તરફ ધકેલી દીધા કે નાના નાના ફેલ્યોરમાં પણ કૂમળી વયના બાળકો માર ધાડ કે આત્મહત્યા સુધી પહોંચવા લાગ્યા છે. વળી આ વાલીઓના આગ્રહને સ્કૂલ સંચાલકોએ પણ પોષતા શાળામાં એટલી નિયમોની વણઝાર લગાવી દીધી કે બાળક બિચારું પોતાનું કુદરતી રમતિયાળપણું જ ગુમાવી બેઠું છે. વાતે વાતે ચિઢાઈ જાય છે અને મહેમાનો સામે મા-બાપનું પણ અપમાન કરી બેસે છે. એકશન-રીએકશનની લાંબી સાયકલની આ અસરો ઘણી ચિંતાજનક છે. પરંતુ એમાં ઊંડા ઉતર્યા વિના જ માતા પિતા પોતાના મિત્રો સાથે મહેફિલમાં જગજીતસિંહની ગઝલ 'યે કાગઝ કી કશ્તિ, યે બારીશ કા પાની' સાંભળી પોતાના બાળપણની યાદો હોંશે હોંશે તાજી કર છે તે પણ પોતાના અવાક બનીને જોઈ રહેલા બાળક સામે જ.

પ્રતિભાવો : samirtalod@yahoo.com

# વિશ્વકર્મા સેવા સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર તા.૬

વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા શહેરમાં વસવાટ કરતા સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ તેમજ નૂતનવર્ષ નિમિતે સમાજના જ્ઞાતીબંધુઓ માટે સ્નેહમિલન કાર્યકર્મ શહેરના ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં મોટીસંખ્યામાં સમાજના આગેવાનો, હોદેદારો,તેમજ તેજસ્વી તારલાઓ સહિત જ્ઞાતિબંધુ ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેરના ટાઉનહોવ ખાતે આજરોજ વિશ્વ કર્મા સેવા સમાજ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યકર્મ યોજાયો હતો. જેમા પ્રાથમિક,માધ્યમિક,ઉચ્ચ માધ્યમિક, સ્નાતક તેમજ ઉચ્ચ અભ્યાસ ક્રમમાં સારુ એવુ પરિણામ મેળ્વયું હોય તેવા સમાજના તારલાઓને સન્માનવામાં આવ્યા હતા.તેમજ સમાજના આગેવાનોએ બાળકોને વધુ મહેનત કરી વધુ સારુ પરિણામ મેળવો તેમજ આગામી વર્ષે આનાથી પણ વધુ વિધાર્થીઓ સ્ટેજ પર આવી સન્માન મેળવે તેવું જણાવ્યું હતું. તેમજ અભ્યાસ થકી ઉચ્ચકક્ષાએ નોકરી મેળવી સમાજનું નામ રોશન કરો તેવા આશિર્વાદ આપ્યા હતા. નુતનવર્ષ નિમિતે સૌ સમાજના ભાઈ-બહેનોને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે સમાજના આગેવાનો,હોદેદારો,વિધાર્થીઓ સહિત મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ હાજર રહ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. કાન્તાબેન ગોરધનભાઈ પટેલ, ઉ.વ. ૯૦
- સ્વ. મોચી ચીનુભાઈ મગનલાલ, ઉ.વ. ૬૫
- સ્વ. મનાજી અમથાજી ઠાકોર, ઉ.વ. ૭૫